A Summary

Of The Thesis to be Submitted for

Ph.D Degree in Gujarati

At The Maharaja Sayajirao University of Baroda,Vadodara

Research Topic for Ph.D

# **“A study of regional elements in Gujarati Short Stories After 1990”**

# **“૧૯૯૦ પછીની ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃ એક અભ્યાસ”**

**પ્રસ્તુતકર્તા**

બારોટ વાસુદેવ રમણભાઈ

Barot Vasudev Ramanbhai

**માર્ગદર્શકશ્રી**

ડૉ.ભરત પંડ્યા

Dr.Bharat Pandya

**Department of Gujarati, Faculty of Arts,**

**The Maharaja Sayajirao University of Baroda,**

**Vadodara-390002 Gujarat, India**

## સારાંશ

### (Abstract)

મારા શોધનિબંધનો વિષય છેઃ **"૧૯૯૦ પછીની ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃએક અભ્યાસ"** પ્રસ્તુત શોધનિબંધમાં સમાવિષ્ટ સર્વ પાસાંઓને યોગ્ય ન્યાય મળી રહે તે હેતુસર શોધનિબંધને કુલ ૦૭ પ્રકરણોમાં વિભાજિત કર્યો છે જે નીચે મુજબ છે.

**પ્રકરણઃ ૧ પ્રાદેશિકતાઃ સંજ્ઞા અને સ્વરૂપ**

પ્રસ્તુત પ્રકરણમાં પ્રાદેશિકતા એની સંજ્ઞા એની નિકટવર્તી સંજ્ઞાઓ, સાહિત્ય અને પ્રાદેશિકતા, આધુનિકતાની પ્રાદેશિકતા પર અસર જેવા મુદ્દાઓને લક્ષ્યમાં રાખી પ્રાદેશિકતાની વિભાવના અને સ્વરૂપને સ્પષ્ટ કરી આપતાં અભ્યાસમૂલક તથ્યો રજૂ કરી આપ્યાં છે. આ ઉપરાંત પ્રાદેશિકતાનો વિભાવ અનુઆધુનિક ટૂંકીવાર્તાને ઘડવામાં કેટલો અને કેવો ઉપકારક બની રહે છે એ વિશે પણ વિગતે વાત કરી છે. પ્રદેશ, એ પ્રદેશમાં સર્જાતા સાહિત્યમાં પ્રાદેશિકતા અને એની પ્રસ્તુતતા, ઉપકારકતાની પણ વિગતે ચર્ચા કરી આપી છે. ઉપરાંત અહીં આજનાં અનુઆધુનિક સાહિત્યમાં પ્રાદેશિક સંદર્ભો એની પ્રાદેશિકતાનાં સ્વરૂપ પર થયેલી અસર વિશે પણ વિગતે વાત કરી છે જેથી પ્રાદેશિકતાનાં વિભાવ અને વખતો વખત એની વિભાવનામાં આવતા વળાંકને સારી પેઠે સમજી શકાય. આ માટે ઉપયોગી સંદર્ભ ગ્રંથો, સામયિકોનો આધાર લઇ પ્રાદેશિકતા એની સંજ્ઞા અને સ્વરૂપ વિશે આધારભૂત વાત મૂકી આપી છે. અહીં પ્રાદેશિકતા અને એના સ્વરૂપને પ્રગટ કરતી એવી ગુજરાતના વિવિધ પ્રદેશોની વાર્તાઓ અભ્યાસમાં લઇ આ વિભાવને વધુ સ્પષ્ટ કરી આપ્યો છે.

**પ્રકરણઃ ૨ મધ્ય ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

આ પ્રકરણમાં ગુજરાતનો મધ્યભાગ એટલે કે મધ્ય ગુજરાત એમાં વસતા સર્જકો અને એમની વાર્તાઓમાંથી કેટલીક પસંદગીની વાર્તાઓ લઇ તેને પ્રાદેશિકતા સંદર્ભે તપાસી એની વિભાવનાને સ્પષ્ટ કરી છે. અહીં આ વાર્તાઓમાં કુલ ૦૮ વાર્તાઓ સમાવી છે. જેમાં છગનાને ન સમજાતા સવાલો - જોસેફ મેકવાન, છત્રી - પુરુરાજ જોશી, મીઠા વગરનો રોટલો - ભગીરથ બ્રહ્મભટ્ટ, રાતવાસો - મણિલાલ.હ પટેલ, બદલી - મણિલાલ.હ પટેલ, ડેરો - કાનજી પટેલ, રાણાપ્રતાપના વંશજો - કાનજી પટેલ, આંબલીઓ - રાજેશ વણકર જેવી વાર્તાઓમાં પ્રાદેશિકતાનાં ઘટકતત્ત્વોને આધારે પ્રદેશ એની બોલી, રીતરિવાજો, માન્યતાઓ, પોશાક, તહેવારો, ઉત્સવો, આ બધું જ પ્રદેશ અને એની પ્રાદેશિકતાને કેવી પ્રગટ કરે છે એનો સમીક્ષાત્મક અભ્યાસ પ્રસ્તુત કરી આપ્યો છે.

**પ્રકરણઃ 3 ઉત્તર ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

અહીં ગુજરાતનો એવો જ પ્રાદેશિક વિવિધતાઓ ધરવતો પ્રદેશ ઉત્તર ગુજરાત અને એની પ્રાદેશિક ખાસિયતો ધરાવતી વાર્તાઓ પસંદ કરી એમાં પ્રાદેશિક સંદર્ભો તપાસ્યા છે. આ વાર્તાઓનો સમીક્ષાત્મક

અભ્યાસ કરી તથ્યમૂલક વાત અહીં મૂકી આપી છે. આ વાર્તાઓમાં મંદિરની પછીતે - રઘુવીર ચૌધરી, ખેતર - રામચન્દ્ર પટેલ, કાતોર - દલપત ચૌહાણ, નકલંક - મોહન પરમાર, કરિયાવર- બિપિન પટેલ, દેવચકલી - પ્રભુદાસ પટેલ, રમત - દશરથ પરમાર, સહી - કલ્પેશ પટેલ, જા એમ.ઓ.યુ ૨૬...- સંજય ચૌહાણ એમ કુલ ૦૯ વાર્તાઓમાં આ પ્રદેશ એનું ભાતીગળ જીવન, સંવેદનાઓ, આદિવાસીઓ, દલિતોની વેદના વ્યથાનું વાસ્તવિક નિરૂપણ અને એની પ્રાદેશિક ખાસિયતોને આ સંશોધનમાં વિગતે વાત કરી આપી છે.

**પ્રકરણઃ ૪ દક્ષિણ ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

આ પ્રકરણમાં દક્ષિણ ગુજરાતની વાર્તાઓને અભ્યાસમાં લઇ એમાં આ પ્રદેશ કઈ રીતે ઉજાગર થયો છે. કહો કે આ પ્રદેશ અને એની પ્રાદેશિક અસ્મિતા વાર્તાઓમાં ક્યાં-ક્યાં પ્રગટ થઇ છે એ વિશે સમીક્ષાત્મક અભ્યાસ કર્યો છે. મુખ્યત્વે તો આ વાર્તાઓમાં આ પ્રદેશ અને એની ભૂગોળ વાર્તાને કઈ રીતે ખપમાં આવ્યાં છે એ જોવાનો છે. આ ઉપરાંત આ વાર્તાઓમાં કયા કયા પ્રાદેશિક લક્ષણો પ્રગટ થયા છે એ પણ ઉજાગર કરી આપ્યું છે. આ માટે આ પ્રદેશમાંથી ૦૬ વાર્તાઓ અભ્યાસમાં લીધી છે. જેમાં સુખા બાપાની રૂખી - વિજય શાસ્ત્રી, જન્મ - રવીન્દ્ર પારેખ, ચુડેલનો વાંસો - હિમાંશી શેલત, ગૂમડું - અજિત ઠાકોર, કરેણ - અજિત ઠાકોર, રાની બિલાડો - મોના પાત્રાવાલા સમાવિષ્ટ છે. આ વાર્તાઓમાં અંધશ્રદ્ધાનું વરવું આલેખન છે તો ક્યાંક વહેમ, પરંપરા શોષણ આ સઘળું પ્રાદેશિકતાને ઉજાગર કરી આપે છે. જે આ અભ્યાસમાં સબળ રીતે અહીં પ્રસ્તુત કરી આપ્યું છે.

**પ્રકરણઃ ૫ સૌરાષ્ટ્રની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

આપણે સૌ જાણીએ જ છે કે સૌરાષ્ટ્ર પ્રદેશમાંથી આપણને અનેક વાર્તાકારો અને કલાત્મક વાર્તાઓ મળે છે. આ વાર્તાઓમાં સોરઠી જીવન એની તળબોલી, રિવાજો, વ્યવહારો, અને બીજા પ્રાદેશિક તત્ત્વો આ વાર્તાઓને નોખી બનાવે છે. અહીં આ સઘળા ઘટકોને ધ્યાનમાં રાખી આ પ્રદેશની પ્રાદેશિક ખાસિયતોને પ્રગટ કરતી એવી કુલ ૦૯ વાર્તાઓ અભ્યાસમાં લઇ સંશોધાનાત્મક તથ્યો ઉજાગર કર્યા છે અને પ્રાદેશિક સંદર્ભો પ્રગટ કર્યા છે. આ માટે ડારવીનનો પિતરાઈ - માય ડીયર જયુ, વઉ - મનોહર ત્રિવેદી, કોઠો - સુમંત રાવલ, નોખું ખોરડું - રમેશ ર.દવે, આ સવજી શામજી બચું કોઈ દી સુખી નો થ્યા હો - કિરીટ દૂધાત, ભડકો - રાઘવજી માધડ, પોલિટેકનીક - મહેન્દ્રસિંહ પરમાર, મઘીની માનતા - ગોરધન ભેસાણીયા, મ્યુઝીયમ ઓફ ઇનોસંસ - વિશાલ ભાદાણી જેવી વાર્તાઓ પસંદ કરી અભ્યાસમાં લીધી છે. આ વાર્તાઓમાં ક્યાંક સમસ્યા છે, સ્ત્રીઓના પ્રશ્નો છે તો ક્યાંક અંધશ્રદ્ધા, પાખંડ, સમધારણ જીવન જીવતા લોકો, ગોહિલવાડ, ગીરનાં તળેટીનાં ગ્રામ્યવિસ્તારનો પરિવેશ છે. આ બધુ જ આ વાર્તાઓમાં આ પ્રદેશ અને એની ભૂગોળને તાદશ કરી આપે છે જે આ સંશોધનમાં પ્રસ્તુત કરી આપ્યું છે.

**પ્રકરણઃ ૬ કચ્છપ્રદેશની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

કચ્છ એટલે વિલક્ષણ પ્રદેશ. એક તરફ રણ અને બીજી તરફ દરિયો. આ બંને પ્રાદેશિક, ભૌગોલિક વિવિધતાઓમાં પાંગરતું જીવન એમના પ્રશ્નો, સમસ્યાઓ વેદના, વ્યથા, પીડા આ પ્રદેશની વાર્તાઓમાં કલાત્મક રીતે ઝીલાયા છે. આથી આ પ્રદેશની કુલ ૦૮ વાર્તાઓને અહીં અભ્યાસમાં લીધી છે. આ વાર્તાઓમાં તંબૂ- ધીરેન્દ્ર મહેતા, ખેપ - વીનેશ અંતાણી, આટાર- રાજેશ અંતાણી, પલટાતો પવન - માવજી મહેશ્વરી, મિલકત - માવજી મહેશ્વરી, ગળામાં અટવાયેલી તરસ- અજય સોની, રેતીનો માણસ - અજય સોની, ધોળી ધૂળ - જયંત રાઠોડ સમાવિષ્ટ છે. આ વાર્તાઓમાં કચ્છની મૂળ સમસ્યા એવી પીવાના પાણીની સમસ્યા, ભૂકંપ એની માનવજીવન પર થયેલી અસર એના કરુણ દશ્યો, તો બદલાતા કચ્છની સ્થતિ, રેતીનું અંધડ, પોતાની માટી સાથે ગાઢ નિસબત રાખતા માટીઘેલા ખેડૂતો, દરિયાઈ પરિવેશમાં જીવન જીવતા લોકો, સફેદ રણમાં મીઠું પકવતા અગરિયાઓ આ બધાં જ સંદર્ભો પ્રાદેશિક બન્યાં છે અને આને સાધાર ઘણી આ વાર્તાઓમાં પ્રાદેશિકતાને ઉજાગર કરી અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

**પ્રકરણઃ ૭ તારણો અને નિષ્કર્ષઃ**

આ પ્રકરણમાં પ્રાદેશિકતાની સંજ્ઞા સ્વરૂપ ઉપરાંત ગુજરાતના આ પાંચેય પ્રદેશોની પસંદ કરેલી ગુજરાતી ટૂંકીવાર્તાઓ અને એ વાર્તાઓનો સમીક્ષાત્મક અભ્યાસ એના નિરીક્ષણો આ વાર્તાઓમાં જે-તે પ્રદેશ એની સઘળી પ્રાદેશિક ખાસિયતો સાથે કેવો પ્રગટ્યો છે એને લગતા તારણો પ્રસ્તુત કરી આપ્યાં છે. ટૂંકમાં આ પ્રકરણમાં આ સર્વ પ્રકરણોમાં અભ્યાસમાં લીધેલી વાર્તાઓમાં જે-તે પ્રદેશ અને એના કયા કયા પ્રાદેશિક ઘટકો પ્રગટ થયા છે એના વિશેનાં મારા નિરીક્ષણો પ્રસ્તુત કર્યા છે.